# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## ધોરણ-૧૦ પૂરક પરીક્ષા-૨૦૨૪ માટેની અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની યાદી જણાવે છે કે ધોરણ-૧૦ માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા માર્ચ-૨૦૨૪ માં જે વિદ્યાર્થીઓ એક(૧) અથવા બે(૨) અથવા ત્રણ(૩) વિષયમાં ગેરહાજર રહેલ હોય કે એક(૧) અથવા બે(૨) અથવા ત્રણ(૩) વિષયમાં અનુત્તીર્ણ (નાપાસ) હોવાને કારણે ગુણપત્રકમાં **(NEEDS IMPROVEMENT)** "સુધારણાને અવકાશ" ધરાવે છે તેવા પૂરક પરીક્ષા આપવા ઇચ્છુક પરીક્ષાર્થીઓ વર્ષ-૨૦૨૪ ની પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થઇ શકશે.

પૂરક પરીક્ષા ૨૦૨૪ માટેનું આવેદન શાળાઓએ બોર્ડની વેબસાઇટ www.gseb.org અથવા **sscpurakreg.gseb.org** પરથી **ONLINE** કરવાનું રહેશે. આવેદન કરવાની પ્રક્રિયા તથા ફી ભરવાની પ્રક્રિયા શાળા દ્વારા ફકત ઓનલાઇન માધ્યમથી જ કરવાની રહેશે. આવેદનપત્ર રૂબરૂ કે ટપાલ દ્વારા સ્વિકારવાની પદ્ધતિ અમલમાં નથી. જેથી વિદ્યાર્થીની યાદી બોર્ડને મોકલવાની રહેતી નથી.

પૂરક પરીક્ષા માટેનું આવેદન તા.૧૫/૦૫/૨૦૨૪ સાંજે ૧૭:૦૦ કલાકથી તા.૨૨/૦૫/૨૦૨૪ સાંજે ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઇન કરી શકાશે.

ખાસ નોંધ:-

1. જે વિદ્યાર્થી માર્ચ-૨૦૨૪ પરીક્ષામાં એક(૧) અથવા બે(૨) અથવા ત્રણ(૩) વિષયમાં અનુત્તીર્ણ છે અને એક(૧) અથવા બે(૨) અથવા ત્રણ(૩) વિષયમાં સ્ટાન્ડર્ડ ગણિત **(12)**નો સમાવેશ થયેલો છે તેવા ઉમેદવારો ઓનલાઇન આવેદન ભરવાની પ્રક્રિયા દરમ્યાન ગણિત વિષયની પસંદગી બદલી શકે છે એટલે કે સ્ટાન્ડર્ડ ગણિતમાં અનુત્તીર્ણ થયેલ ઉમેદવાર સ્ટાન્ડર્ડ ગણિતના બદલે બેઝિક ગણિત વિકલ્પ બદલી શકશે.
2. જે વિદ્યાર્થી માર્ચ-૨૦૨૪ ની પરીક્ષા બેઝિક ગણિત **(18)** સાથે ઉત્તીર્ણ થયા છે અને તેઓ ધોરણ-11 (વિજ્ઞાન પ્રવાહ)માં **A** અથવા **AB** ગ્રુપમાં પ્રવેશ મેળવવા ઇચ્છુક છે તેવા વિદ્યાર્થી જે શાળામાંથી ધો-10ની માર્ચ-૨૦૨૪ની પરીક્ષાનું આવેદનપત્ર ભરેલ હોય તે જ શાળામાંથી સ્ટાન્ડર્ડ ગણિત **(12)** વિષય માટે પૃથક **(ISOLATED)** ઉમેદવાર તરીકે ઓનલાઇન આવેદન કરી શકશે.
3. કન્યા ઉમેદવાર અને દિવ્યાંગ ઉમેદવારોને સરકારશ્રીએ પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપેલ છે. તેથી કન્યા ઉમેદવારો અને દિવ્યાંગ ઉમેદવારો પાસેથી પરીક્ષા ફી લેવાની રહેતી નથી. પરંતુ પૂરક પરીક્ષા-૨૦૨૪ માટે ઓનલાઇન આવેદન (રજીસ્ટ્રેશન) કરવું ફરજીયાત છે.
4. ઓનલાઇન આવેદન કરવા માટેની તથા ફી ભરવાની સુચનાઓ ઉપરોકત વેબસાઇટ પર મુકવામાં આવેલ છે.
5. સંસ્કૃત પ્રથમાના એક(૧) અથવા બે(૨) અથવા ત્રણ(૩) વિષયમાં અનુત્તીર્ણ/ગેરહાજર વિદ્યાર્થી માટેનું આવેદન ઓફલાઇન કરવાનું રહેશે. સંસ્કૃત પ્રથમાની શાળાઓએ વિદ્યાર્થીની સહી કરેલ યાદી તથા ફી ની રકમનો ડી.ડી. બોર્ડની ગાંધીનગર ખાતેની કચેરી પર મોકલી આપવા જણાવવામાં આવે છે.

તારીખ:- ૧૫/૦૫/૨૦૨૪

સ્થળ :- ગાંધીનગર

નાયબ નિયામક(પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર